
# ધ ઇલેક્ટ્રિક મર્ચન્ટ્સ અસોસિએશનનું ન્યુ યર ગેટ-ટુગેધર ૨૦૨૫

# સંગીત, નૃત્ય અને એકતાનો અવિસ્મરણીય ઉત્સવ























**કેબલ્સ** અને કન્ડક્ટર્સના અગ્રણી ઉત્પાદક અપાર કેબલ સોલ્યુશન્સના સપોર્ટ સાથે ધ ઈલેક્ટ્રિક મર્ચન્ટ્સ અસોસિએશન (EMA) દ્વારા આયોજિત ન્યુ યર ગેટ-ટુગેધર ૨૦૨૫ એ સંગીત, નૃત્ય અને આનંદની એક અદ્ભુત સાંજ સાબિત થઈ. ૧૧૦૦થી વધુ સભ્યો અને તેમના પરિવારો આ ઉત્સવમાં જોડાયા અને સંગીત, નૃત્ય અને મિત્રતાથી ભરપૂર એક યાદગાર સાંજ માણી.

આ વર્ષની થીમ ‘રેટ્રો ટુ મેટ્રો’ એ સમયની સફર કરાવતા જૂનાથી નવા સમયના લોકપ્રિય ગાયકો અને ગીતોને યાદ કરાવતો નૉસ્ટાલ્જિક પ્રવાસ હતો.

રાજેશ અય્યર અને તેમની ટીમે દિલને સ્પર્શી જાય એવો સંગીતમય પર્ફોર્મન્સ આપ્યો જ્યારે ઈન્ડિયન આઈડલ 2007 ફેમ અંકિતા મિશ્રાના વિશેષ ગેસ્ટ પર્ફોર્મન્સે કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવ્યા. તેમના મધુર અવાજે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા.

આ આખું આયોજન ખૂબ કુશળતાપૂર્વક સંચાલિત કરવામાં આવ્યુ હતું. પ્રમુખ શ્રી પ્રેમ કેતન વોરા સાથે સમિતિના અધ્યક્ષો શ્રી ચિરાગ શાહ, ભાવિક પરીખ અને ચિંતન સંઘવી તેમ જ સમગ્ર ઈ.એમ.એ. ટીમે વ્રજેશ દેસાઈના માર્ગદર્શન હેઠળ ઉત્કૃષ્ટ આયોજન કર્યું.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ખાસ મહેમાનોમાં શ્રી કુશલજી દેસાઈ (MD), ચૈતન્યજી (ડિરેક્ટર, અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ) અને શ્રી શશી અમીન (અપાર કેબલ સોલ્યુશનના CEO)નો સમાવેશ થયો હતો. કાર્યક્રમ દરમ્યાન કુશલજી દેસાઈએ લોહાર ચાલથી શરૂ કરેલી તેમની પ્રેરણાદાયક સફર અને ઉદ્યોગજગતમાં પહોંચેલા શિખર સુધીની વાત સંભળાવી સૌને પ્રેરણા આપી હતી.

પ્રમુખ પ્રેમ વોરાએ અપાર કેબલ સોલ્યુશનના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો અને તમામ સભ્યોને મેક ઇન ઈન્ડિયાના અભિયાનમાં યોગદાન આપવા તથા વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા અનુરોધ કર્યો હતો.

ચિંતન સંઘવીએ ઈ.એમ.એ.નાં ભૂતકાળનાં ઉત્કૃષ્ટ કાર્યોને યાદ કર્યાં અને આગામી વર્ષની નવી યોજનાઓ તેમ જ પ્રવૃત્તિઓ વિશે સભ્યોને ઉત્સાહિત કર્યા હતા. તેમની પ્રસ્તુતિએ હાજર સૌ મેમ્બર્સમાં જાણે નવી ઊર્જા ભરી દીધી.

કાર્યક્રમમાં આખી રાત સંગીત અને નૃત્યની રમઝટ ચાલી, ક્યારેક રોમૅન્ટિક મેલોડીઝ તો ક્યારેક એનર્જેટિક ડાન્સ નંબર, સૌએ આનંદથી તાલમાં તાલ મિલાવ્યા. સભાગૃહમાં દરેક ખૂણેથી હાજર લોકોએ ગીતો સાથે ગાવાનો અને ડાન્સ કરવાનો આનંદ માણ્યો હતો જેના લીધે ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.

અપાર કેબલ સોલ્યુશનના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમ શક્ય બન્યો જે કંપનીની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને જવાબદાર કોર્પોરેટ નાગરિક તરીકેની ભૂમિકાનું પ્રતિબિંબ હતું. આયોજન સમિતિના અથાક પ્રયાસો, પ્રતિભાશાળી કલાકારો અને અપાર કેબલ સોલ્યુશનના ઉદાર સમર્થનને કારણે EMAનું ન્યુ યર ગેટ-ટુગેધર ૨૦૨૫ એક સફળ ઈવેન્ટ રહી. ઉપસ્થિતો વિદાય લેતાં એક શાનદાર સાંજની યાદો અને ભવિષ્યનાં વચનો પોતાની સાથે સાથે લઈ ગયા.